dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
December 2010 For private circulation only Vol. 02 - Issue 48

બે સૈકાઓ પહેલાંની, ભારતની શિક્ષણ ક્ષેત્રની સિધ્ધિઓ તથા આ શિક્ષણ પધ્ધતિનો કોઈ પણ ભોગે નાશ કરીને તેને સ્થાને લાદવામાં આવેલી અંગ્રેજ પ્રેરિત શિક્ષણ પધ્ધતિ એ હવે ઈતિહાસનો વિષય બની ગઈ છે... ભારતના ભવ્ય ભૂતકાળ અને આજના ભારતમાં ઉદ્‌ભવેલી અસંખ્ય વિસંગતતાઓ અને સમસ્યાઓ વિશે આજે યોગ્ય વિચારમંથન કરવામાં આવે તો જ ભારતીય સમાજને અનુરૂપ અને આવશ્યક હોય તેવો વ્યવસ્થારૂપી અમૃતકુંભ અવશ્ય પ્રાપ્ત થઈ શકશે.

રળિયામણું વૃક્ષ : અઠારમી સદીમાં ભારતીય શિક્ષણ. ધર્મપાલ : સમગ્ર લેખન ભાગ - ૪

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

વર્ષ ૨૦૦૨માં ભારતીય બંધારણના ૮૬મા સુધારા તરીકે શિક્ષણ મેળવવું એ મૂળભૂત અધિકાર છે તે પ્રસ્થાપિત કરવામાં આવ્યું હતું. બંધારણમાં કરવામાં આવેલ આ ફેરફારના લગભગ આઠ વર્ષ પછી, એપ્રિલ ૨૦૧૦થી છ થી ચૌદ વર્ષની વયજૂથના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક શિક્ષણનો ફન્ડામેન્ટલ રાઈટનો અમલ શરૂ થયો. આજે છ થી ચૌદ વર્ષની વયજૂથના ૨૨ કરોડ બાળકો પૈકી, ૪.૬ ટકા એટલે કે આશરે ૯૨ લાખ બાળકો પ્રાથમિક શિક્ષણથી વંચિત છે. કોઈપણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે બંધારણમાં કરાયેલ ફેરફારના પાલન માટે ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એકટ, ૨૦૦૯ને પાર્લમેન્ટે પસાર કર્યા બાદ સંવિધાનના વડા રાષ્ટ્રપતિ દ્વારા તા. ૨૬મી ઓગષ્ટ ૨૦૦૯ના રોજ મંજૂરી મળતાં, તા.૧લી એપ્રિલ ૨૦૧૦થી આ કાયદો અમલી બન્યો છે. જૂન ૨૦૧૦થી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રથી જમ્મુ-કાશ્મીર સિવાયના સમગ્ર ભારતના તમામ રાજયો તથા કેન્દ્ર-શાસિત પ્રદેશોમાં તેનો અમલ શરૂ થશે.

અધિનિયમની મૂળ ભાવના - An Act to provide for free and compulsory education to all children of the age of six to fourteen years-ની છે. સમગ્ર અધિનિયમની જોગવાઈઓ આઠ પ્રકરણની આડત્રીસ કલમોમાં વિસ્તરે છે. છેલ્લે, એક પરિશિષ્ટમાં પ્રાથમિક શાળાને લગતા ધોરણો તથા આદર્શો (Norms and Standards) દર્શાવ્યા છે જેનો ધોરણ ૧ થી ૮ સુધીની તમામ શાળાઓએ પાલન કરવાનું છે.

મુખ્ય જોગવાઈઓ :

પ્રાથમિક શિક્ષણને નિ:શુલ્ક તથા ફરજીયાત બનાવવાની વ્યવસ્થા ઊભી કરવાની જવાબદારી રાજય સરકારોની છે. જે શાળાઓ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવાય છે જેમ કે નવોદય વિદ્યાલય, કેન્દ્રિય વિદ્યાલય, સૈનિક શાળા, વિગેરે ત્યાં આ કાયદાના પાલનની જવાબદારી કેન્દ્ર સરકારની બને.

- તમામ પ્રાથમિક શાળાઓને ચાર પ્રકારમાં આવરી લેવાઈ છે. પ્રથમ - કોઈપણ માન્ય પ્રાથમિક શાળા કે જેની સ્થાપના, માલિકી કે અંકુશ રાજય સરકાર, કેન્દ્ર સરકાર કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ (મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા પરિષદ, વિગેરે) ની છે. દ્વિતીય - સરકાર કે પ્રાદેશિક સત્તામંડળ પાસેથી સંપૂર્ણ કે આંશિક અનુદાન મેળવતી પ્રાથમિક શાળાઓ; તૃતિય - ખાસ પ્રકારની શાળાઓ - નવોદય વિદ્યાલય, વિગેરે; અને ચતુર્થ - જે શાળાઓ કોઈપણ પ્રકારનું અનુદાન લેતી નથી તેવી ખાનગી ધોરણે વિદ્યાર્થીઓની ફી ઉપર નિર્ભર શાળાઓ.
- જે વિદ્યાર્થીઓ તેમની વય પ્રમાણે, જે તે વર્ગમાં હોવા જોઈએ તેઓને ખાસ તાલીમની વ્યવસ્થા પૂરી પાડી, જે તે વર્ગમાં અભ્યાસ કરાવવાની જવાબદારીની જોગવાઈ કરવામાં આવી છે.
- જે શાળામાં ઉપલા અભ્યાસક્રમની જોગવાઈ નથી તેવી શાળાના વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓ અને ખાસ પ્રકારની શાળાઓ સિવાય કોઈપણ શાળામાં ટ્રાન્સફર મેળવવા હકદાર બને છે.
- એક શાળામાંથી બીજી શાળામાં ટ્રાન્સફર સમગ્ર ભારતમાં ગમે ત્યાં કરી શકાશે. આ માટે જે તે શાળાએ તુરત જ ટ્રાન્સફર પ્રમાણપત્ર આપવાનું રહેશે. આવા પ્રમાણપત્રના વિલંબને કારણે કોઈપણ વિદ્યાર્થીનું અભ્યાસ વર્ષ બગડવું જોઈએ નહીં.
- ધોરણ પાંચ સુધીની શાળા રહેણાંક વિસ્તારના એક કિલોમીટરના અંતરે તથા આઠમા ધોરણ સુધીની નિશાળ ત્રણ કિલોમીટરના અંતરમાં (પડોશી શાળા). આ કાયદાના અમલથી ત્રણ વર્ષમાં પ્રસ્થાપિત કરવાની જોગવાઈ છે. આ માટે જરૂરી ખર્ચ રાજય તથા કેન્દ્ર સરકાર ઉઠાવશે.
- કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય કક્ષાનો અભ્યાસક્રમ ઘડશે, શિક્ષકોને તાલીમની વ્યવસ્થા ગોઠવશે તથા નવીનીકરણ, સંશોધન, આયોજન તથા કેપેસીટી બિલ્ડીંગ માટે રાજય સરકારોને તકનિકી સહાય તથા ઉપકરણો પૂરાં પાડશે.
- ખાનગી નિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને તેમના દ્વારા થતા ફી તથા અન્ય ખર્ચાઓ, વાલીઓએ જાતે ભોગવવાના રહેશે. આ ખર્ચ ભરપાઈ કરી આપવામાં આવશે નહીં.

• સરકારી શાળાઓમાં સંપૂર્ણપણે નિઃશુલ્ક શિક્ષણ પ્રદાન કરવામાં આવશે.

• પૂર્ણ કે અંશત : અનુદાન મેળવતી શાળાઓએ ૨૫ ટકા ગરીબ તથા પછાત વર્ગના સમૂદાયોના વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવું પડશે.

• ખાસ પ્રકારની શાળાઓ (કેન્દ્રીય વિદ્યાલય, વિગેરે) તથા ખાનગી શાળાઓ જે સંપૂર્ણપણે વિદ્યાર્થીઓની ફી પર નિર્ભર છે તેવી શાળાઓમાં ૨૫ ટકા પ્રવેશ ગરીબ વર્ગ તથા પછાત વર્ગના સમૂદાયોના બાળકોને આપી મફત શિક્ષણ આપવાનું રહેશે.

• ખાનગી શાળાઓને, આવા ૨૫ ટકા પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓ માટેનો થતો ખર્ચ સરકાર ચૂકવી આપશે. આ માટે પ્રતિ વિદ્યાર્થી દીઠ સરકારી શાળામાં થતા ખર્ચની મર્યાદામાં આ રકમ સંસ્થાઓને સરકાર ચૂકવશે.

• કોઈપણ શાળા પ્રવેશ માટે કેપીટેશન ફી લઈ શકશે નહીં.

• કોઈપણ શાળા વિદ્યાર્થી પ્રવેશ માટે વિદ્યાર્થી કે વાલીની કોઈપણ પ્રકારની પ્રવેશ પરીક્ષા લઈ શકશે નહીં.

• કેપીટેશન ફી લેનારી સંસ્થાને તે ગુના બદલ જેટલી રકમ કેપીટેશન ફી ની રકમ લીધી હશે તેની દસ ગણી રકમનો દંડ કરાશે.

• પ્રવેશ માટે પરીક્ષા લેનાર સંસ્થાને પ્રથમ ગુના માટે રૂા.૨૫,૦૦૦ તથા ત્યારબાદના દરેક ગુના માટે રૂા. ૫૦,૦૦૦ નો દંડ થશે.

• કોઈપણ વિદ્યાર્થીને તે પ્રાથમિક શિક્ષણ (ધોરણ - ૮) પૂર્ણ ન કરે ત્યાં સુધી તેને કોઈ પણ વર્ગમાં અટકાવાશે નહીં.

• કોઈપણ વિદ્યાર્થીને શિક્ષક દ્વારા શારીરિક કે માનસિક શિક્ષા કરી શકાશે નહીં.

• કોઈપણ વ્યકિત કે સંસ્થા, સરકારની મંજૂરી વિના શાળા સ્થાપી શિક્ષણ આપી શકશે નહીં. મંજૂરી વિના ચાલતી શાળાને રૂપિયા એક લાખનો દંડ તથા ગુનો ચાલુ રહે ત્યા સુધી પ્રતિદિન રૂપિયા દસ હજારના દંડ સાથે ગુનો લાગુ પડશે.

• ખાનગી ફી-નિર્ભર શાળાઓ સિવાયની તમામ શાળાઓમાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટી બનાવાશે જેમાં ચૂંટાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાના સભ્યો ઉપરાંત, ઓછામાં ઓછા ત્રીજા ભાગના સભ્યો વાલીઓ અને ૫૦ ટકા સ્ત્રી સભ્યો હશે. ગરીબ વર્ગ તથા પછાત સમૂદાયોનું પ્રતિનિધિત્વ આ સમિતિમાં ફરજીયાત છે.

• દરેક શાળાએ વિદ્યાર્થી - શિક્ષકનો ગુણોત્તર પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબનો છ માસમાં જાળવવો પડશે (૧) ધોરણ ૧ થી ૫ની શાળાઓ માટે ૧૫૦ વિદ્યાર્થી સંખ્યા સુધીની શાળાઓ માટે દર ૩૦ વિદ્યાર્થીએ ૧ શિક્ષકનું ધોરણ જાળવવું પડશે; ૧૫૦ થી ૨૪૯ સુધીની વિદ્યાર્થી સંખ્યા માટે ૫ શિક્ષક ઉપરાંત ૧ મુખ્ય શિક્ષક, અને ૨૫૦ થી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળામાં વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તર ૪૦:૧ થી વધવો જોઈએ નહીં. (૨) ધોરણ ૬ થી ૮ના વર્ગો માટે દરેક વર્ગ દીઠ ઓછામાં ઓછો ૧ શિક્ષક હોવો જોઈએ; એટલે કે ઓછામાં ઓછા ૩. જે પૈકી ઓછામાં ઓછો વિજ્ઞાન અને ગણિત, સમાજશાસ્ત્ર અને ભાષા વિષયનો દરેકનો એક શિક્ષક હોવો જોઈએ. દર ૩૫ વિદ્યાર્થીઓએ ૧ શિક્ષકનો ગુણોત્તર જળવાઈ રહેવો જોઈએ. ધોરણ ૬ થી ૮ની શાળામાં વિદ્યાર્થી સંખ્યા, ૧૦૦ થી વધુ હોય તે શાળામાં ૧ મુખ્ય શિક્ષક તેમજ ૩ ખંડ સમયના (ચિત્ર, રમતગમત અને વર્ક એજયુકેશન) વધારાના શિક્ષકો રાખવાના રહેશે.

• પ્રાથમિક શિક્ષણ, શકય હોય ત્યાં સુધી વિદ્યાર્થીની માતૃભાષામાં પ્રદાન થાય; પરંતુ આ બાબત ફરજીયાત નથી.

• ધોરણ ૮ સુધીના સમગ્ર અભ્યાસક્રમ માટે કોઈપણ પરીક્ષા કોઈપણ બોર્ડ દ્વારા લેવામાં આવશે નહીં.

• વિદ્યાર્થીના મફત શિક્ષણ મેળવવાના અધિકારના પાલન માટે નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ, ફરીયાદ નિવારણ તંત્ર, નેશનલ એડવાઈઝરી કાઉન્સિલ તથા સ્ટેટ એડવાયઝરી કાઉન્સિલની રચના કરવા અંગેની જોગવાઈઓ છે.

અધિનિયમની જોગવાઈઓનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે રાજય સરકારો તથા કેન્દ્ર સરકાર નાણાકીય જવાબદારીનું યોગ્ય વહન કરે તો ૬ થી ૧૪ વર્ષના તમામ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ફરજીયાત શિક્ષણની વ્યવસ્થા પૂરી પાડવી અશકય નથી. ગુજરાત સરકારના શાળા પ્રવેશોત્સવ તથા ગુણોત્સવના નૂતન અભિગમથી શાળાઓના ડ્રોપ-આઉટ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ અધિનિયમના અમલીકરણ માટે કેટલાક પ્રશ્નોનું સમાધાન થાય તો પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ થઈ શકે તેમ છે.

કેટલાક પ્રશ્નો તથા વિચારણા માંગતા મુદ્દાઓ પૈકી : સમગ્ર કાયદો સાધનો પૂરા પાડવા પર (Input - Focused) લાગે છે. અહી શિક્ષણના પરિણામની અવગણના થતી હોય (Output - Focus) તેમ લાગે છે. સરકારી શાળાઓ માટેની રચાનારી સમિતિઓ શાળાની ગુણવત્તાની જાળવણી માટે કેટલા અંશે જવાબદાર ગણાશે ? ખાનગી શાળાઓના શિક્ષકોને આપવામાં આવતા પગાર ધોરણો અંગે શું ? ખાનગી શાળાઓમાં ૨૫ ટકા ગરીબ તથા પછાત સમૂદાયના વિદ્યાર્થીઓને પ્રવેશ કેવી રીતે આપવાનો ? ખાનગી શાળાઓને આ ૨૫ ટકા વિદ્યાથીઓના પ્રવેશ બદલ, સરકાર કેવી રીતે, કયારે, વળતર ચૂકવશે ? પડોશી શાળાની (એક કિલોમીટર અને ત્રણ કિલોમીટર) પરિસીમા કેટલી વાસ્તવિક છે ? શહેરી વિસ્તારોમાં જગ્યાઓ કયાંથી મળશે ? શિક્ષકોની ઘટ પૂર્તતા કરવા, તંત્ર કેટલી ત્વરાથી વર્તશે ? ખાનગી શાળાઓમાં ચુસ્ત પણે ધોરણો જળવાય તે માટે નિયમન તંત્રની શું વ્યવસ્થા ?

આવા અનેક પડકારો હોવા છતાં, આઝાદીના ૬૦ વર્ષે ફરજીયાત શિક્ષણનો કાયદો બને છે તે આશાના કિરણ સમાન છે. સમયની સાથે ત્રુટિઓ દૂર થશે તથા તમામ વિદ્યાર્થીઓને ફરજીયાત પણે શિક્ષિત કરવાના ધ્યેયમાં, અન્ય ક્ષેત્રોની જેમ આ ક્ષેત્રમાં પણ ગુજરાતની ભૂમિકા દિશાસૂચક બની રહેશે તેવી વર્ષ ૨૦૧૧ નૂતન વર્ષની શુભેચ્છા સહ.

૩૧ ડિસેમ્બર, ૨૦૧૦

બી. એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## નવપ્રસ્થાન



(અતિથિ ભવનનું ઉદ્‌ઘાટન તા. ૧૭-૧૨-૨૦૧૦)



(પર્વમંચનું ઉદ્‌ઘાટન તા. ૧૭-૧૨-૨૦૧૦)



(સ્ટેડિયમનું નિરીક્ષણ તા. ૧૭-૧૨-૨૦૧૦)

## MMI Training




નોલેજ કન્સર્શીયમ ઓફ ગુજરાત પ્રેરિત અને યુનિવર્સિટી આયોજિત Mission Mode Implementation Training વિષય સંદર્ભે દ્વિ-દિવસીય કાર્યશિબિરનું આયોજન તા. ૧૭-૧૮ ડિસેમ્બર દરમ્યાન યુનિવર્સિટી પરિસર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સુરત, ભરૂચ, નર્મદા, તાપી, નવસારી, વલસાડ, અને ડાંગ જીલ્લાની કોલેજો તેમજ યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાંથી આચાર્ય/અધ્યક્ષ, ૧ અધ્યાપક, ૧ વિદ્યાર્થી એમ કુલ ૩૬૪ વ્યકિતઓ કાર્યશિબિરમાં સહભાગી થયા. આ શિબિરનું ઉદ્‌ઘાટન રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રા.વસુબહેન ત્રિવેદી (મંત્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ તથા મહિલા અને બાળ કલ્યાળ, ગુજરાત રાજય) ના શુભ હસ્તે સંપન્ન થયું.



આ સમારંભના મુખ્ય અતિથિ પ્રા.એ.કે.સિંઘ (કન્વીનરશ્રી, કે.સી.જી.) તથા ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી શ્રીમતી જયંતી રવિ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહયા હતાં. સમારંભનું અધ્યક્ષસ્થાન કુલપતિ પ્રો.બી.એ. પ્રજાપતિએ શોભાવ્યું હતું. આ પ્રસંગે સુરત શહેરના ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, સંસદ સભ્ય શ્રીમતી દર્શનાબહેન જરદોશ તથા યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.




પ્રો.વસુબહેને પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું. કે દરેક સંસ્થામાં વિદ્યાર્થી કેન્દ્ર સ્થાને હોવા સાથે દરેક અધ્યાપક અને અધ્યાપિકાની ભૂમિકા વિદ્યાર્થીના પરીપ્રેક્ષમાં પિતા અને માતા જેવી હોવી જોઈએ કે જેથી વિદ્યાર્થીના વિકાસનો માર્ગ ઝડપી બને. ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી શ્રીમતી જયંત રવિએ KCG ના જુદા જુદા પ્રકલ્પોની માહિતી આપી અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સાથે સીધો વાર્તાલાપ કર્યો હતો. કુલપતિશ્રી ડો.બી.એ.પ્રજાપતિએ સૌને આવકારી, યુનિવર્સિટીની પ્રગતિ, માળખાગત સુવિધાઓમાં થયેલ પ્રગતિની તેમજ યુનિવર્સિટીના સમાજની સાથે થયેલ જોડાણ અંગ્રેની માહિતી આપી હતી. ડો. એ. કે. સિંઘે KCG ના હેતુઓ, તેનું અમલીકરણ અને કાર્યાન્વિતતા અંગેની સમજ આપી હતી.




કાર્યક્રમ અંતર્ગત એન.એમ.ઈ.-આઈ.સી.ટી. સપ્તધારા, સંધાન, સી.બી.સી.એસ., ગુજરાત કવીઝ, ઉદિશા, યુ.જી.સી.ની સ્કીમો, વાંચે ગુજરાત વિગેરે અંગે તજજ્ઞો ધ્વારા વિસ્તૃત માહિતી અને




સમજ આપવામાં આવી. દરેક પ્રકલ્પોને કોલેજોમાં અમલ સારી રીતે અને ઝડપથી થાય તે માટે શું કરવું ? કઈ રીતે કરવું જેથી આવનાર સમયમાં શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા ફેરફારો સાથે સમન્વય સાધી ગુજરાતનો વિદ્યાર્થી વૈશ્વિક સ્તરે હરીફાઈમાં ગર્વ સાથે ઉભો રહી શકે એ અંગે ચર્ચા-વિમર્શ થયા.




આ પ્રકલ્પો વિશેની સમજ સ્ટેટ લેવલના કો-ઓર્ડિનેટરશ્રીઓ શ્રી ગોપાલ ભટ્ટ, શ્રી ઉદયન ભટ્ટ, પ્રિ. શ્રીમતી ગીતા પંડયા, ડો-દક્ષા મહેતા, શ્રી કમલ જોષી, ડો. આનંદ ભટ્ટ, શ્રી સંદીપ બારોટ, શ્રીમતી નંદિન કાનન (ડાયરેકટર, કે.સી.જી.) વગેરે તજજ્ઞોએ જ્ઞાન અને અનુભવનું ભાથુ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને વ્યાખ્યાનો દ્વારા પીરસ્યું હતું.



સમાપન સમારંભમાં કુલપતિશ્રીએ દરેક પ્રકલ્પોને (ઈનીસીએટીવ) સ્વીકારી ગુજરાત કક્ષાએ  આપણી યુનિવર્સિટી મોખરે રહે એ રીતે કટિબધ્ધ થવા અપિલ કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સૌથી વધુ ઉત્સાહ અને ઉત્સુકતા બતાવી તેમજ ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી, અન્ય તજજ્ઞો, સંલગ્ન કોલેજોના આચાર્યો અને અધ્યાપકો સાથે સહભાગી થવાની મળેલી તકથી તેઓ ખૂબ રોમાંચિત હતા. સમગ્ર કાર્યક્રમમાં Teamwork ના દર્શન થતા હતા. આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવમાં સમગ્ર કાર્યક્રમ અને તેની ફળશ્રુતિ માટે સંતોષ વ્યકત કર્યો હતો.



## West - Zone Inter University Cricket - Tournament

વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ (ભાઈઓ)ની ટુર્નામેન્ટનું આયોજન ઘણા વર્ષા પછી ફરીથી એકવાર આપણી યુનિવર્સિટીએ કર્યું. જેમાં ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગોવા અને મહારાષ્ટ્ર એવા પાંચ રાજયની ૪૮ યુનિવર્સિટીએ ભાગ લીધો હતો. યુનિવર્સિટી કેમ્પસ ઉપર તૈયાર થયેલા સી. બી. પટેલ ક્રિકેટ સ્ટેડીયમ ઉપર સૌ પ્રથમવાર મેચ રમાઈ અને એ ક્રિકેટના મેદાનનું ઉદ્‌ઘાટન થયું. ઉદ્‌ઘાટન સમારંભમાં મુનાફ પટેલ અને વિરાટ કોહલી તથા કુલપતિશ્રી, કુલસચિવશ્રી અને ચેરમેન બોર્ડ ઓફ સ્પોર્ટસ, ડાૅ. વિનોદભાઈ પટેલે ક્રિકેટ પીચ ઉપર રમીને આ ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉદ્‌ઘાટન સમારંભના અતિથિ વિશેષ તરીકે શ્રી કમલેશભાઈ પટેલ અને શ્રી રાજુભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા.



તા. ૧૨-૧૨-૨૦૧૦ થી તા. ૨૦-૧૨-૨૦૧૦ દરમ્યાન ચાલેલી ૪૭ મેચોને અંતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિજેતા થઈ હતી. તા. ૨૦-૧૨-૨૦૧૦ના રોજ થયેલ પૂર્ણાહુતિ સમારંભમાં કુલસચિવશ્રીના હસ્તક વિજેતાઓને પારિતોષિક વિતરણ થયું હતું. વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ (ભાઈઓ)ની ટુર્નામેન્ટમાં યુનિવર્સિટી ઓફ મુંબઈ રનર્સઅપ થઈ હતી અને રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર અને શિવાજી યુનિવર્સિટી, ગ્વાલિયર સેમિ ફાઈનાલીસ્ટ થઈ હતી. ભાગ લેનાર **Team** :1. R.T.M. Nagpur Uni. Nagpur, 2. North Maha Uni. Jalgaon, 3. Jai



Narayan Vyas Uni. Jodhpur, 4. Hemchandracharya N. G. Uni. Patan, 5. Rani Durgavati Vis., Jabalpur, 6. M.P.K.V. Uni. Rahuri, 7. Maharaja Ganga Uni. Bikaner, 8. Sardar Patel Uni. V.V.Nagar, 9. Sant Gadge Baba Uni. Amravati, 10. S.K.R. Agri. Uni. Bikaner, 11. Kachchh Uni. Kachchh, 12. Jiwaji Uni. Gwalior, 13. Dr. P.D.Krishi Vidyapeeth., Akola, 14. R.G.P. Vishwavidyalay, Bhopal, 15. J.R.R. Sanskrit Vishwavidyalay, Jaipur, 16. Dr. H.S.Gaur Uni.





Sagar, 17. Ganpat Uni. Kherwa, Maheshana, 18. S.R.T.M. Uni., Nanded, 19. Dharansinh Desai Uni. Nadiad, 20. J.R.N.R. Vidyapeeth Uni. Udaipur, 21. Gujarat Vidyapeeth, Ahmedabad, 22. Marathwad Krishi Vidya, Parbhani, 23. V.N.S.G.U., Surat. 24. Uni. of Rajasthan, Jaipur, 25. Saurashtra Uni. Rajkot, 26. Shivaji University, Kolhapur, 27. M. S. University, Baroda, 28. Vikram Uni., Ujjain, 29. Solapur Uni., Solapur, 30. Bharti Vidyapeeth, Pune, 31. Gujarat University, Ahmedabad, 32. M.D.Sarasvati Uni., Ajmer, 33. Goa Uni., Goa, 34. Dr. B.A.M. Uni., Aurangabad, 35. L.N.U.P.E. Gwalior, 36. University of Kota, Kota, 37. Symbosis International Uni. Pune, 38. Vishveshvaraya N.I.T., Nagpur, 39. Devi Ahilya Uni., Indore, 40. D.A.I. of info. & Com. Tech., Gandhinagar, 41. M.S.Uni. Udaipur 42. University of Pune, Pune, 43. Barkatullah University, Bhopal, 44. Bhavnagar Uni., Bhavnagar, 45. Uni. of Mumbai, Mumbai.

## ૩૮મો યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજીત ૩૮મા યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવ અત્યંત આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં તા. ૨૨ થી ૨૫ ડિસેમ્બર ૨૦૧૦ દરમ્યાન યુનિવર્સિટી પરિસર ઉપર યોજાઈને સંપન્ન થયો.

૨૩મી એ સવારે ૯-૩૦ કલાકે યોજાયેલા ઉદ્‌ઘાટન સમારંભમાં શહેરના નવા વરાયેલા નગરપતિશ્રી રાજેન્દ્ર દેસાઈના શુભ હસ્તે આ મહોત્સવોનું ઉદ્‌ઘાટન થયું તેના પ્રમુખ સ્થાને કુલપતિશ્રી બી.એ.પ્રજાપતિ, મેયરશ્રીએ કોર્પોરેશન અભ્યાસ અને સંશોધનના નવા ક્ષેત્રોમાં યુનિવર્સિટી સાથે રહી કામ કરે એવી અપેક્ષા વ્યકત કરી હતી. આ વર્ષે ઉદ્‌ઘાટન સમારંભ પૂર્વે કળાયાત્રાનું આયોજન સૌ પ્રથમવાર થયું. જેમાં વિવિધ વેશભૂષા અને નૃત્ય સંગીત દ્વારા ઘણી કોલેજોએ ભાગ લીધો હતો. બે દિવસ પાંચ જુદા જુદા રંગમંચો ઉપર વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાઈ અને સાથે રમત ગમતના મેદાન ઉપર એથ્લેટીકસની સ્પર્ધાઓ થઈ. યુવક મહોત્સવમાં ૧૦૦ જેટલી કોલેજોના અને અનુસ્નાતક ભવનોના કળાકારો તથા ખેલકૂદ રમતોત્સવમાં ૧૦૦ જેટલી કોલેજોના અને અનુસ્નાતક ભવનોના કળાકારો તથા ખેલકૂદ રમતોત્સવમાં ૮૪ જેટલા કોલેજોના રમતવીર વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ પોતાનું કૌશલ્ય પ્રગટ કર્યુ.

૨૫મી એ યોજાયેલ "વિજયશ્રી" સમારંભમાં પ્રથમ ક્રમે વિજેતા થનાર કૃતિઓનું મંચન થયું. આ સમારંભના અતિથિવિશેષ તરીકે



સુરતના કલેકટરશ્રી એ. જે. શાહ ઉપસ્થિત રહયા, પ્રમુખ સ્થાને કુલપતિશ્રી હતાં. તેઓના વરદ હસ્તે વિજેતાઓને વિજયપત્ર અને પારિતોષિક આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે બોર્ડ સ્પોર્ટસના ચેરમેન ડૉ. વિનોદભાઈ પટેલ અને સિન્ડિકેટ સભ્યશ્રી પ્રા.કિરીટસિંહ વાંસદિયા ઉપસ્થિત રહયા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજીત ૩૮મો ખેલકૂદ રમતોત્સવ તા. ૨૩ થી ૨૫ ડિસેમ્બર, ૨૦૧૦ દરમ્યાન યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ રમતોત્સવમાં ૮૪ કોલેજના ૮૦૦ જેટલા ખેલાડી ભાઈ-બહેનોએ દોડ, કૂદ અને ફેંકની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં બહેનોને ૧૩ અને ભાઈઓની ૧૯ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

રમતોત્સવના ઉદ્‌ઘાટન સમારંભનું પ્રમુખસ્થાન વાઈસ ચાન્સેલર ડો. બી. એ. પ્રજાપતિએ શોભાવી સ્પર્ધાને ખુલ્લી જાહેર કરી હતી. સ્પોટર્સ ડાયરેકટર શ્રી ડેવિડ પોલે સ્પર્ધાની અને યુનિ. દ્વારા વિવિધ રમતોમાં મેળવેલ સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી. આભાર વિધિ રજીસ્ટ્રાર શ્રી જે. આર. મહેતાએ આટોપી હતી. સ્પર્ધા દરમ્યાન વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ રમતોત્સવમાં આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારાના ખેલાડી ઉમેશ જી. કુવરે ૫૦૦૦મી. દોડની સ્પર્ધા ૧૬મિ. ૩૪.૪૦ સેકન્ડમાં અને ૧૦૦૦૦મી. દોડની સ્પર્ધા ૩૪ મિનિટ ૩૬.૭૨ સેકન્ડમાં પૂર્ણ કરીને બંને ઈવેન્ટમાં યુનિ. નો રેકોર્ડ બ્રેક કર્યો હતો. યુનિ. દ્વારા સ્થાપાયેલ જૂનો રેકોર્ડ ૫૦૦૦મિ. દોડમાં ૧૬મિ. ૩૪.૪૦ સેકન્ડમાં અને ૧૦૦૦૦મી. દોડની સ્પર્ધા ૩૪ મિનિટ ૩૬.૭૨ સેકન્ડ પૂર્ણ કરીને બંને ઈવેન્ટમાં યુનિ.નો રેકોર્ડ બ્રેક કર્યો હતો. યુનિ. દ્વારા સ્થાપાયેલ જૂનો રેકોર્ડ ૫૦૦૦મિ. દોડમાં ૧૬મિ. ૪૯.૫૦ સેકન્ડ અને ૧૦૦૦૦ મી. દોડમાં ૩૬મિ. ૧૦.૨૦ સેકન્ડ હતો.



રમતોત્સવના આખરી દિવસે યોજાયેલ પૂર્ણાહુતિ સમારંભનું પ્રમુખસ્થાન વાઈસ ચાન્સેલરશ્રી ડો.બી.એ.પ્રજાપતિએ શોભાવી સ્પર્ધાની અંતિમ ઈવેન્ટ ૪×૧૦૦ મી. રીલે દોડ - ભાઈઓ અને બહેનોની સ્પર્ધાના વિજેતાઓને ચંદ્રક અને પ્રમાણપત્ર એનાયત કરીને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે બોર્ડ ઓફ સ્પોટ્‌ર્સના ચેરમેન ડૉ. વિનોદભાઈ પટેલ અને સિન્ડીકેટ સભ્ય પ્રા. કિરીટસિંહ વાસદિયા ઉપસ્થિત રહયા હતા.

## Athletic Meet 2010 પરિણામ

**પરીણામ (બહેનો) (દોડ) : ૧૦૦ મી.** (૧) ચૌધરી મનિષા જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી.) (૨) રાંદેરીયા ઉપાસના એચ. (એમ.એસ.સી.,આઈ.ટી.,વી.એન.એસ.જી.યુનિ., સુરત.) (૩) ચૌધરી રક્ષા આઈ. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) **૨૦૦ મી.** (૧) ચૌધરી મનિષા જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી.) (૨) રાંદેરીયા ઉપાસના એચ. (એમ.એસ.સી.,આઈ.ટી.,વી.એન.એસ.જી.યુનિ., સુરત.) (૩) ચૌધરી રક્ષા આઈ. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) **૪૦૦ મી.** (૧) રાંદેરીયા ઉપાસના એચ. (એમ.એસ.સી.,આઈ.ટી., વી.એન.એસ.જી.યુનિ., સુરત.) (૨) ચૌધરી મનિષા જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી.) (૩) ચૌધરી જયોતિ એસ. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી. **૧૫૦૦ મી.** (૧) ગામીત મનિષા એલ.(આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૨) ગામીત રીના એસ. (વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર (૩) ગામીત હીના ડી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૩૦૦૦ મી.** (૧) ભોયા દુર્ગા પી. (વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર) (૨) ગાવીત મનિષા એલ. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૩) ભોયા કૈલાસ બી. (વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર) **૧૦૦ મી. વિઘ્ન દોડ** (૧) ચૌધરી રક્ષા આઈ. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) (૨) ગામિત પાર્વતિ એમ. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૩) કોકણી માર્ચા કે. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **લાંબી કૂદ** (૧) ચૌધરી મનિષા જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી) (૨) ગાવિત રીના એસ. (વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર) (૩) ચૌધરી રક્ષા આઈ. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) **ટ્રીપલ જમ્પ** (૧) ચૌધરી મનિષા જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી) (૨) ચૌધરી રક્ષા આઈ. (સી.પી.ડી.પી.ઈ.,રાજપીપલા) (૩) ઈટાલિયા દિપિકા એમ.(ધારૂકાવાલા આર્ટસ કોલેજ, સુરત) **ઊંચી કૂદ** (૧) ગામીત રીના એસ. (વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર (૨) શર્મા રાની સી. (પી.આર.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી (૩) ઈટાલિયા દિપિકા એમ.(ધારૂકાવાલા આર્ટસ કોલેજ, સુરત) **ગોળાફેંક** (૧) મૈસુરિયા હિતાક્ષી આર. (સી.પી.ડી.પી.ઈ.,રાજપીપલા) (૨) કાકડિયા ધારા એન. (વાડિયા વીમેન્સ કોલેજ, સુરત) (૩) કામાની નિલમ ડી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી) **ચક્રફેંક** (૧) કાકડિયા ધારા એન. (વાડિયા વીમેન્સ કોલેજ, સુરત) (૨) મૈસુરિયા હિતાક્ષી આર. (સી.પી.ડી.પી.ઈ.,રાજપીપલા) (૩) પરમાર સ્મિતા ડી.(વાડિયા વીમેન્સ કોલેજ, સુરત) **બરછીફેંક** (૧) મૈસુરિયા હિતાક્ષી આર. (સી.પી.ડી.પી.ઈ.,રાજપીપલા) (૨) પરમાર સ્મિતા ડી.(વાડિયા વીમેન્સ કોલેજ, સુરત) (૩) ટંડેલ નમ્રતા આર. (ભગવાન મહાવીર સી.પી.ઈ., સુરત).**(ભાઈઓ) (દોડ) : ૧૦૦ મી.** (૧) વળવી રાજીવ આર. (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) (૨) પવાર યતિન પી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચોવીસી) (૩) માંગેલા કૃણાલ આર. (સી.પી.ડી.પી.ઈ.,રાજપીપલા) **૨૦૦ મી.** (૧) પવાર યતિન પી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચોવીસી) (૨) વળવી રાજીવ આર. (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) (૩) કોકણી વિપુલ આર. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૪૦૦ મી.** (૧) સેલર મયંક એસ. (નવયુગ કોમર્સ કોલેજ, સુરત. (૨) પટેલ કિરીટ ટી. (સી.પી.ડી.પી.ઈ.,રાજપીપલા) (૩) ચૌધરી નરેશ એન. (એમ.આર.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી) **૮૦૦ મી.** (૧) કુવર ઉમેશ જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૨) સેલર મયૂર એસ. (નવયુગ કોમર્સ કોલેજ, સુરત. (૩) પટેલ કિરીટ પી. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) **૧૫૦૦ મી.** (૧) કુવર ઉમેશ જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૨) ભારડીવાલા મયૂર એમ. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) (૩) ગામીત સતીષ એસ. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **૫૦૦૦ મી.** (૧) કુવર ઉમેશ જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૨) દેશમુખ યોગેશ આર. (વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર) (૩) દાધવ રમણ એસ. (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) **૧૦૦૦૦ મી.** (૧) કુવર ઉમેશ જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૨) ભોગ્યા વિઠ્ઠલ કે. (જે.પી.પારડીવાલા કોલેજ, પારડી. (૩) કોકણી ગામા બી. (જે.પી.શ્રોફ આર્ટસ વલસાડ) **૧૧૦૦ મી. વિઘ્ન દોડ** (૧) રાઠોડ અમિત પી. (દિનશા દાબુ કોલેજ, નવસારી) (૨) પટેલ જય પી. (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) (૩) પટેલ મનેષ કે. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) **૪૦૦ મી. વિઘ્ન રોડ** (૧) પટેલ કિરીટ ટી. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) (૨) કુવર ઉમેશ જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૩) મંગેલા કૃણાલ આર. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) **ઊંચીકૂદ** (૧) ગામીત બિપિન બી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૨) ચૌધરી રાહુલ એસ. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી) (૩) ભાણી નિલેશ ડી. (જે.પી.શ્રોફ આર્ટસ વલસાડ) **લાંબીકૂદ** (૧) રાઠોડ અમિત પી. (દિનશા દાબુ કોલેજ, નવસારી) (૨) દવે રાહિલ (એસ. સી.બી.પટેલ કોમ્પ્યુટર, ભરથાણ) (૩) વળવી રાજીવ આર. (શાહ એન.એસ.કોમર્સ કોલેજ, વલસાડ) **ટ્રીપલ જમ્પ** (૧) ગામીત બિપિન બી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૨) રાઠોડ અમિત પી. (દિનશા દાબુ કોલેજ, નવસારી) (૩) ચાવડા જીગર જે. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) **ગોળાફેંક** (૧) ગરીડા પાર્થ એસ. (ડી.આર.પી. કોમર્સ કોલેજ, ભરથાણા) (૨) પઠાણ આદીલ આર. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૩) પટેલ રાહુલ જે. (વી.એસ.પટેલ કોલેજ, બિલીમોરા) **ચક્રફેંક** (૧) જૈન પારસમલ યુ. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) (૨) સિંઘ ચંદન (ઉધના સીટીઝન, કોમર્સ કોલેજ, ઉધના) (૩) વાડિયા કૈઝાદ એન. (જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી) **બરછીફેંક** (૧) પવાર યતિન પી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી) (૨) માંગેલા કૃણાલ આર. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) (૩) પટેલ ચેતન પી. (રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી) **હથોડા ફેંક** (૧) પઠાણ આદીલ આર. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૨) જૈન પારસમલ યુ. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) (૩) પરમાર ભૈરવ એ. (ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાંસદા) **૪ × ૪૦૦ મી. રીલે દોડ(૧)** (૧) ગામીત સતીષ એસ. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૨) ગામીત યુસુફ એસ. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૩) ચૌધરી વિજય એન. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) (૪) કુવર ઉમેશ જી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા) **(૨)** (૧) ગામીત સંજય સી. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) (૨) પટેલ કિરીટ ટી. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) (૩) ખલાસી વિપુલ એસ. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા) (૪) માંગેલા કૃણાલ આર. (સી.પી.ડી.પી.ઈ., રાજપીપલા)**(૩)** (૧) ચૌધરી નરેશ એન. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી) (૨) ચૌધરી સંદીપ એ. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી) (૩) ગામીત દિનેશ એમ. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી) (૪) ચૌધરી કૌશિક આર. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી)

## ૩૮મો યુવક મહોત્સવ : પરિણામ

**(૧) એકાંકી નાટક (સ્વ. દિપકલાલ મગનલાલ રેશમવાલા વિજયપદ્મ)** પ્રથમ : (૧) બસ એક દિવસ, બી.પી.બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારી. દ્વિતીય : (૧) છોડ મારો હાથ, શાહ

એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ. તૃતિય : (૧) છેલ્લું સ્ટેશન, ગવર્નમેન્ટ આર્ટસ કોલેજ, કરચલીયા. શ્રેષ્ઠ દિગ્દર્શન (૧) બસ એક દિવસ, હેમલ ભટ્ટ, બી.પી.બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારી. પ્રથમ : (૧) બસ એક દિવસ, બી.પી.બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારી. દ્વિતીય : (૧) છોડ મારો હાથ, શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ. શ્રેષ્ઠ લેખન (૧) બસ એક દિવસ, બી.પી.બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારી. શ્રેષ્ઠ સંગીત (૧) છેલ્લું સ્ટેશન , ગવર્નમેન્ટ આર્ટસ કોલેજ, કરચલીયા. શ્રેષ્ઠ પ્રકાશ (૧) છોડ મારો હાથ, શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ. શ્રેષ્ઠ સન્નિવેશ (બેસ્ટ સેટ ડિઝાઈન) (૧) રામલીલા, પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. **(૨) સમૂહ નૃત્ય (મેસર્સ લક્ષ્મીચંદ ભગાજી વિજયપદ્મ)** પ્રથમ : (૧) સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાસદા. દ્વિતીય (૧) શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ, (૨) બી.પી.બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારી. તૃતીય (૧) શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ (૨) સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આહવા. પ્રોત્સાહન ઈનામ (૧) સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત. (૨) આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા. **(૩) સમૂહ ગીત (સ્વ. ભગુભાઈ નાથુભાઈ જરીવાલા વિજયપદ્મ)** પ્રથમ : (૧) વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા. દ્વિતીય (૧) એસ. વી. પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ સુરત.(૨) પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી. તૃતીય : (૧) સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત, (૨) દોલત-ઉષા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સ, વલસાડ. પ્રોત્સાહન ઈનામ (૧) એમ.ટી.બી.આર્ટસ કોલેજ, સુરત. **(૪) ગરબા (રોટરી કલબ ઓફ સુરત વિજયપદ્મ)** પ્રથમ : (૧) બી.પી.બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારી. દ્વિતીય (૧) વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા. (૨) શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ. તૃતીય (૧) શ્રી જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટસ કોલેજ, સુરત, (૨) શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ. પ્રોત્સાહન ઈનામ (૧) ડીપા. ઓફ બાયોસાયન્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત. (૨) શ્રી જે. ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. **(૫) એક વ્યકિત અભિનય (શ્રી ધનરાજ જે. પરમાર ચેરીટેબલ ટ્રસ્ટ વિજયપદ્મ)** પ્રથમ : (૧) જસદીપ બેડી, ઉધના સીટીઝન કો. ઓ. બેંક કોમર્સ કોલેજ, ઉધના. દ્વિતીય : (૧) વૈભવ દેસાઈ, ઈવનીંગ કોમર્સ કોલેજ (કે.પી.), સુરત. (૨) નિધિ ભટ્ટ, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ. તૃતીય (૧) તારાલવાલા, જે.બી. ધારૂકાવાલા મહિલા આર્ટસ કોલેજ, સુરત, (૨) હેમલતા દેસાઈ, સી.એન.પરમાર બી.એડ. કોલેજ, ઉદવાડા, પ્રોત્સાહન ઈનામ (૧) ધીરેન્દ્ર મિસ્ત્રા, ડીપા. ઓફ માસ કોમ્યુનીકેસન એન્ડ જર્નાલીઝમ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત. (૨) તુષાર કાછેદા શ્રી જે. ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. **(૬) શાસ્ત્રીય નૃત્ય (સ્વ. કુસુમબેન નટવરલાલ જરીવાલા વિજયપદ્મ) (ભરતનાટયમ્)** પ્રથમ : (૧) ગજ્જર દિક્ષિતા, એસ.પી.બી.ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. દ્વિતીય : રંગાટીયા નિધિ, ડી.આર.પટેલ એન્ડ આર.બી.પટેલ કોમર્સ કોલેજ, ભરથાના. તૃતિય વિજેતા : (૧) મહાડિક દિપશ્રી વિનાયક, ડીપા ઓફ ફાઈન આર્ટસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. **(૭) શાસ્ત્રીય કંઠય સંગીત (સ્વ. નટવરલાલ ભગુભાઈ જરીવાલા વિજયપદ્મ)** પ્રથમ : (૧) દોલત-ઉષા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સ, વલસાડ. દ્વિતીય : (૧) પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. તૃતીય : (૧) એસ. બી. ગાર્ડા કોલેજ ઓફ આર્ટસ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી. **(૮) હળવું કંઠય સંગીત (બેન્ક ઓફ ઈન્ડિયા વિજયપદ્મ)** પ્રથમ : (૧) સંબંધની ગાગર થી...શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ, દ્વિતીય : (૧) જેને મને જગાડીઓ...વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા, (૨) હરિ તમે તો સાવજ અંગત...એસ. બી. ગાર્ડા કોલેજ ઓફ આર્ટસ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી. તૃતીય :(૧) નહીં બોલું... દોલત-ઉષા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સ, વલસાડ. પ્રોત્સાહન ઈનામ (૨) પાંદડાએ લે...ડીપા ઓફ બાયો સાયન્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. (૩) કટારી કાળજે વાગી...એમ.આર.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપલા. પ્રોત્સાહન ઈનામ (૧) મેં તજી તારી... પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. (૨) ટળવળી ઝુરી, પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી. **(૯) શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ)** પ્રથમ : (૧) શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ. દ્વિતીય : (૧) વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા. તૃતીય : (૧) જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. **શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ)** પ્રથમ : ડી.આર.બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાના. દ્વિતીય : (૧) દોલત-ઉષા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સ, વલસાડ. તૃતીય : (૧) પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. **(૧૦) હસ્તકળા (સ્વ. ઠાકોરભાઈ (ભાગોદ) વિજયપદ્મ)** પ્રથમ : (૧) ભોયા જયોતિબેન કિશોરભાઈ, શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર. (૨) વિહંગી અજયકુમાર નાયક એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા. દ્વિતીય : (૧) દેસાઈ દિપેન એચ. બી.પી.બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારી. (૨) ગામીત અલ્પેશકુમાર વિનુભાઈ શ્રી મોરારજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી. તૃતિય : (૧) મૌવનીક એસ.પરમાર, શાહ એન.એમ. કોમર્સ કોલેજ, વલસાડ, (૨) ગામિત નીતેષકુમાર એસ., સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાસદા. ચતુર્થ : (૧) મગરે અવિનાશ સદાશીવભાઈ, નવયુગ કોમર્સ કોલેજ, સુરત. (૨) રાજપુત આકાશ એન., વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા. (૩) બુજાની માધુરી જૈરામભાઈ, શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત. (૪) સોરઠીયા હીરલ રાજેશકુમાર, એમ.કે.કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ (૫) મકવાના નીકીતા રાજેશભાઈ શ્રી. જે. ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. **(૧૧) શીઘ્ર ચિત્ર સ્પર્ધા** પ્રથમ : (૧) ટંડેલ પરિમલકુમાર છગનભાઈ, શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ, (૨) શૈલેષ એચ. પટેલ, અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત. દ્વિતીય : (૧) બિરેન જે. પટેલ, સરકારી સાયન્સ કોલેજ, ચીખલી (૨) બોસ્કીય એસ. ધામેલીયા, સર પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત. તૃતીય : નંદલાલ આર. નાગર, નવયુગ કોમર્સ કોલેજ, સુરત. (૨) કેવલ એસ. ધામેલીયા, સર પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત. ચતુર્થ : (૧) પંડયા જીગર : એસ. બી. ગાર્ડા કોલેજ ઓફ આર્ટસ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી. (૨) રાજપૂત આકાશ, વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા. (૩) વિશ્વકર્મા બબ્વિની કે.બી.એસ.કોલેજ ઓફ, વાપી. (૪) વસાવા હેમંત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. (૫) ચૌધરી વિજય, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા. **(૧૨) કાવ્ય પઠન** પ્રથમ : (૧) પટેલ મોનિકા હિરાલાલ, શ્રી. જે. ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. દ્વિતીય : (૧) વૈભવ એસ. દેસાઈ ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરત (કે.પી.) (૨) પવાર પ્રમોદ એસ., ગર્વમેન્ટ બી. એડ. કોલેજ, કરચેલિયા. તૃતિય : (૧) આહિર ડીમ્પલ સી. વનરાજ આર્ટસ કોલેજ, ધરમપુર (૨) કંસારા પલક એસ.

એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત. **(૧૩) પાદ્ પૂર્તિ** પ્રથમ : (૧) જૈનિશ ભગત ડીપા. ઓફ બીઝનેશ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. દ્વિતીય : (૧) વિજયકુમાર ભલસોડ, જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. (૨) આશિષ મિશ્રા, નવયુગ કોમર્સ કોલેજ, સુરત.તૃતીય : સોનિયા ઠક્કર એમ. ઈ. ટી. બી. એડ. કોલેજ, ભરૂચ, ગોટી વિજય એમ., અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત. **(૧૪) નવલિકા લેખન** પ્રથમ : (૧) અંકિતા અશોક દેસાઈ, બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ. દ્વિતીય : (૧) રૂપાવટીયા મિતલ જે.જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. તૃતીય : (૧) મોદી તન્વી અજયભાઈ, એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરત. **C. C. Mehta Prize - શ્રેષ્ઠ અભિનેતા (ભાઈઓ)**: (૧) કલાકાર : વૈભવ દેસાઈ, પાત્રનું નામ : અનિકેત, નાટક : સહી રૂપના મુસાફરસમોતના, કોલેજનું નામ : (ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરત (કે.પી.) (૨) કલાકાર : તૃષિત જોષી, પાત્રનું નામ : આર્કીઓલોજીકલ ઓફીસર (નારણ ખોડાભાઈ), નાટક : છેલ્લુ સ્ટેશન, કોલેજનું નામ : ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કરચલીયા. **(બહેનો)**: (૧) કલાકાર : મેઘા શાહ, પાત્રનું નામ : અદિતી, નાટક : બસ એક દિવસ, કોલેજનું નામ : બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારી. (૨) કલાકાર : નમ્રતા શાહ, પાત્રનું નામ : વાલી વાઘરણ-૨, નાટક : છોડ મારો હાથ, કોલેજનું નામ : શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ.

**શ્રેષ્ઠ અભિનય (સરખે હિસ્સે)**: (૧) કલાકાર : મહેન્દ્ર પટેલ, પાત્રનું નામ : કાકો, નાટક : કાકા કાકા કયાં ચાલ્યા, કોલેજનું નામ : સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાંસદા. (૨) કલાકાર : કરૂણા શાહ, પાત્રનું નામ : સ્ત્રી કેદી, નાટક : સુભદ્રા, કોલેજનું નામ : સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત. (૩) કલાકાર : હીરલ પારેખ, પાત્રનું નામ : ઝબુવાસી, નાટક : રામલીલા, કોલેજનું નામ : પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, અમરોલી. (૪) કલાકાર : સિધ્ધિકા કુરેશી, પાત્રનું નામ : પુનકી વાઘરણ, નાટક : છોડ મારો હાથ, કોલેજનું નામ : શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ. (૫) કલાકાર : આદિત્ય ગોડલીયા, પાત્રનું નામ : ચીકુ, નાટક : મહા પ્રસ્થાન, કોલેજનું નામ : શ્રી જે. ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. (૬) કલાકાર : અનિલ બુટીયા, પાત્રનું નામ : વિનોદ, નાટક : ઈશ્વર અલ્લાહ તેરે નામ, કોલેજનું નામ : એ. વી. પટેલ કોમર્સ કોલેજ બિલીમોરા. (૭) કલાકાર : ધીરેન્દ્ર મિશ્રા, પાત્રનું નામ : મુખીયા, નાટક : જીન્દગીસે બડી વગડી, કોલેજનું નામ : ડીપા. ઓફ માસ કોમ્યુનીકેશન એન્ડ જર્નાલીઝમ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત.(૮) કલાકાર : મીતલ સોડવડીયા, પાત્રનું નામ : રાજવૈદ્ય, નાટક : અગત્સ્ય, કોલેજનું નામ : જે. બી. ધારૂકાવાલા મહિલા આર્ટસ કોલેજ, સુરત.

## ફેલોશિપ

ડૉ. દમયંતીબેન પરમારના માર્ગદર્શન તળે એમ.ફિલ.નું શોધકાર્ય પૂર્ણ કરેલ તુલનાત્મક સાહિત્યના છાત્ર શ્રી અલ્પાભાઈ ગામીતને વર્ષ ૨૦૦૯-૧૦ માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હીની રાજીવ ગાંધી નેશનલ ફેલોશિપ પ્રાપ્ત થયેલ છે.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા



- વેસ્ટઝોન આંતર યુનિવર્સિટી ક્રિકેટ સ્પર્ધા (ભાઈઓ)ના બીજા તેમજ ત્રીજા રાઉન્ડમાં છાપરા ખાતે એમ. એસ. યુનિ. વડોદરા અને ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ તેમજ નારણલાલા કોલેજ ખાતે એલ.એન.યુ.પી.ઈ ગ્વાલિયર અને ડૉ. બી. એ. મરાઠવાડા યુનિ. ઔરંગાબાદ વચ્ચે મેચ રમાઈ હતી. તેમાં નારણલાલા કોલેજ ખાતેની મેચના ઉદ્દઘાટન પ્રસંગે યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય શ્રી દિનેશભાઈ દાસા, નારણલાલા કોલેજના એકાઉન્ટન્ટ શ્રી શૈલેષભાઈ દાણાવાલા, શ્રી સરોશ અંકલેશ્વરીયા અને શ્રી જયદીપ દેસાઈ ઉપસ્થિત રહયા હતા. ટીમોને સ્મૃતિ ભેટ તરીકે એક-એક બેટ શ્રી જયદીપ દેસાઈ તરફથી આપવામાં આવ્યું હતું
- વી.એસ.પટેલ કોલેજ, બીલીમોરાના મોહનભાઈ ડી. પટેલે ગુજરાત રાજય જલદ ચાલની ૧૦ કિ.મી.ની સ્પર્ધામાં પુખ્ય વિભાગમાં પ્રથમ આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી પટેલ છેલ્લા નવ વર્ષથી આ સ્પર્ધામાં વિજેતા રહેલ છે.

Re define કરો : તમારી જાતને, તમારા વ્યવસાયને તમારા કર્તવ્યને. Restructure કરો : તમારા કામને, પ્રવૃત્તિઓને, કાર્યક્રમોને પ્રકલ્પોને. Reinvent કરો : તમારા વ્યકિતત્વને, તમારી ઓળખને, તમારી ગરિમાને. Re Process કરો : તમારા કામકાજને, કાર્ય પધ્ધતિને, અધ્યયન મૂલ્યાંકન કાર્યને. Network કરો : વ્યવસાયીઓ સાથે આમ સમાજ સાથે World of Work ની સાથે. Bench Mark કરો : ઊંચા લક્ષ્યાંકો આદર્શો, કીર્તિમાનો નકકી કરો, મંજિલ નકકી કરો. Focus કરો : તમારી Destiny ને Goal ને Mission ને કર્તવ્યને.

ડૉ. દાઉદભાઈ ઘાંચી


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**

**Published by : J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com